**DATE: 27/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# ભૂલા પડેલા બે બાળકોનું પરિવાર સાથે મિલન કરાવતી નેત્રંગ પોલીસ



## **કાંડા** રોડ પર આવેલી ક્વોરીમાંથી બંને બાળકો દાદાથી વિખુટા પડી ગયા હતાં

ભરૂચ : નેત્રંગમાં ભૂલા પડી ગયેલા બે બાળકનું મિલન પોલીસે પરિવાર સાથે કરાવ્યું હતું. ભરૂચ જિલ્લાના નેત્રંગ પોલીસ સ્ટેશનના PSI કે.એન.વાઘેલા સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા તે સમયે નેત્રંગના જીનબજારમાં બે બાળકો ભૂલા પડી ગયા છે અને નોંધારી હાલતમાં ફરી રહ્યાં છે.

આ જાણકારી મળતા તેઓ બંને બાળક પાસે પહોંચ્યા હતાં. જ્યાં તેમની તબિયત નાદુરસ્ત હોવાનું જાણવા મળતાં બંનેને નેત્રંગ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અપાવી હતી.

આ બંનેના ફોટા પાડી સોશિયલ મીડિયામાં સર્ક્યુલેટ કરવામાં આવ્યા હતાં. તેમ છતા પણ કોઇ સગનડ નહી મળતાં જુદી જુદી ટીમ બનાવીને તપાસ કરવામાં આવતા કાંટીપાડા રોડ પર આવેલી કવોરી પાસે બાળકો રહેતા હોવાની માહિતી મળતા પોલીસ વિભાગ ત્યાં પહોંચી ગઈ હતી. ત્યાં મહારાષ્ટ્રના દાદા રૂપસિંગભાઈ દુરજીભાઈ વસાવે પૂછતા અને ફોટો બતાવતા બંને બાળકો મારા પૌત્રો હોવાનો ધટસ્ફોટ કર્યો હતો. તેના દાદાને પોલીસ સ્ટેશન લઇ આવીને સુખદ મિલન કરાવ્યું હતું.

# ભરૂચમાંથી ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું, 4 આરોપીની ધરપકડ

ભરૂચ : ભરૂચ સી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે ચાવજ ગામની સીમમાંથી ઘરેલુ વપરાશના ગેસના બોટલોમાંથી એલ્યુમિનિયમની ધાતુની પાઇપથી એક ગેસના બોટલમાંથી બીજા ગેસના બોટલમાં ગેસનું રિફિલિંગ કરી ચોરી કરતા ચાર ઇસમોને સ્થળ ઉપર ઝડપી પાડ્યા હતાં. પકડાયેલા આરોપીઓમાં લાલચંદ મોહનરામ બિશ્નોઇ, સમુંદર હરીરામ પુનીયા, મહિપાલ કિશનારામ ગોદારા, સુનિલભાઇ માંગીલાલ સીયાકનો સમાવેશ થાય છે. જ્યારે આરોપી સુભાષ બિશ્નોઇ વોન્ટેડ જાહેર કરી પોલીસે ઇન્ડેન ગેસ કંપનીના ઘરેલુ વપરાશની 87 બોટલ તથા HP, ગેસ કંપનીના ઘરેલુ વપરાશની 13 બોટલ મળી ઘરેલુ વપરાશની કુલ 95 બોટલ કિંમત રૂ. 2,34,320 મહીન્દ્રા બોલેરો પીક અપ ટેમ્પો, 4 મોબાઇલ, રિફિલિંગ કરવાની 2 પાઇપ, ભારત ગેસ કંપનીના માર્કાવાળા 5 ઢાંકણ, H.P કંપનીના પ્લાસ્ટિકના 21 સીલ સહિતની કુલ કિંમત રૂ. 7,54,520નો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 29/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# સોનાના રોકાણના નામે 31.64 કરોડની ઠગાઈ

**સુરતના** ઘોડદોડ રોડની કોટક મહિન્દ્રા બેંકના ડેપ્યુટી બ્રાન્ચ મેનેજર સહિત ગેંગના 6 ઝડપાયા

**27 બેંક** એકાઉન્ટમાં લોકોના રૂ.31,73,61,000 જમા કરાવી રૂ.31,64,15,000 ઉપાડી લીધા

ભરૂચઃ ભરૂચ સાયબર ક્રાઇમે ભારત દેશનાં કુલ 16 રાજ્યમાં ગોલ્ડમાં ટ્રેડિંગ કરવાના બહાને વધુ રિટર્ન મેળવવાની લોભામણી લાલચ આપી ડમી વેબસાઇટ, ડમી સિમકાર્ડ તેમજ ડમી બેંક એકાઉન્ટ મેળવી લોકો સાથે કરોડોની છેતરપિંડી કરતા ઇન્ટરનેશનલ દુબઇ કનેક્શન રેકેટનો પર્દાફાશ કર્યો છે. ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસે બેંકના ડેપ્યુટી બ્રાંચ મેનેજર સહિત ગેંગના કુલ 6 આરોપીની ધરપકડ કરી હતી.

રેકેટમાં ભરૂચના ભોગ બનનાર ફરિયાદીના વોટ્સએપ નંબર ઉપર એસ્લી નામની વ્યક્તિએ વોટ્સએપ મોબાઇલ નં.+85296470016 તથા +639512649526થી સંપર્ક કર્યો હતો. ગોલ્ડમાં ટ્રેડિંગ કરવા માટે વાતચીત કરી શરૂઆતમાં કરેલ ટ્રેડિંગમાં વધુ રિટર્ન આપી જે બાદ 40 % જેટલું રિટર્ન આપવાની લોભામણી લાલચ આપી હતી. વિશ્વાસમાં લઇ IGXIND.COM નામની ડમી વેબસાઇટ બનાવી તેમાં લોગ ઇન કરાવી અલગ અલગ સમયે અલગ અલગ બેંક એકાઉન્ટોમાં કુલ રૂ. 37,61000 ભરાવી ડમી વેબસાઇટ તથા વોટ્સએપ મોબાઇલ નંબરો બંધ કરી છેતરપિંડી કરી હતી. ભરૂચ સાયબર ક્રાઇમે ટેક્નિકલ એનાલિસીસ તેમજ હ્યુમન રિસોર્સ તથા બેંક એકાઉન્ટોની માહિતી મેળવી હતી.



આ ગુનામાં બેંક એકાઉન્ટ ઓપન કરનાર તેમજ ગુનામાં ઉપયોગમાં લેવામાં આવતા સિમકાર્ડ એક્ટિવ કરતા ઇસમોની સુરતથી ધરપકડ કરાઇ હતી. આરોપીઓ દ્વારા ખોલાવાયેલા બેંક એકાઉન્ટ થકી ભારતના 16 રાજ્યમાં છેતરપિંડી કરી હોવાનો ઘટસ્ફોટ થયો છે. જેમાં સાયબર ક્રાઇમની ફરિયાદ માટે કાર્યરત કરવામાં આવેલા ભારત સરકારના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ NCCRP (1930) પોર્ટલ ઉપર સર્ચ કરતાં 86 તેમજ અન્ય 10 મળી કુલ 96 ફરિયાદ થઈ હોવાનું બહાર આવ્યું છે. જ્યારે આ રેકેટ ચલાવવા 27 એકાઉન્ટ અને 173 સિમ કાર્ડ તેમજ 2 વોટ્સએપ નંબરનો ઉપયોગ કરાયો હોવાનું અત્યાર સુધીમાં ખૂલ્યું છે. આરોપીઓ દ્વારા ડમી વેબસાઇટ બનાવી ઇન્ટરનેશન વોટ્સએપ નંબરોથી મોટા ઉદ્યોગપતિઓ, મોટા વેપારીઓ તથા નોકરિયાત વર્ગની સાથે સંપર્ક કરાતો હતો. ગોલ્ડમાં ટ્રેડિંગ કરવા માટે વિશ્વાસ આપી શરૂઆતમાં કરેલ ટ્રેડિંગમાં વધુ રિટર્ન ભોગ બનનારને તેઓના બેંક ખાતામાં પરત આપી વિશ્વાસ કેળવતા હતા. ત્યારબાદ મોટી રકમ તથા 40 % રિટર્નની લાલચ આપી તેઓ દ્વારા બનાવેલ ફેક વેબસાઇટમાં ભરેલ રૂપિયા સામે વધુ રિટર્ન મળ્યું હોય તેવી ફક્ત આંકડાકીય માહિતી વેબસાઇટ ઉપર બતાવતા હતા.

આ ગેંગ રોકાણકારોને લોભ લાલચ આપી પૈસા ન ઉપાડવા માટે જણાવી વધુ ટ્રેડિંગ કરવાનું કહેતી હતી. અંતે જ્યારે ભોગ બનનાર પૈસા રિટર્ન મેળવવાની માંગણી કરે ત્યારે આ કામના આરોપીઓ દ્વારા તેઓની વેબસાઇટ તેમજ ઇન્ટરનેશનલ વોટ્સએપ મોબાઇલ નંબરો બંધ કરી છેતરપિંડી આચરાતી હતી.

### કરોડોના કૌભાંડમાં ઝડપાયેલા આરોપીઓ

અબ્દુલ રહેમાન ઉર્ફે બાપુ શબ્બીર હુસેન સૈયદ (ઉ.વ.34) (ધંધો-ખાનગી નોકરી) (રહે., 5/870 કળજુગ મહોલ્લો, હરિપુરા કાંસકીવાડ, પીરછડી રોડ, સુરત), સકલૈન સરફુદીન શેખ (ઉ.વ.25) (ધંધો-બેકાર) (રહે., 201, કોહિનૂર એપાર્ટમેન્ટ, નાનપુરા, સુરત), સદામ મહેમુદ શેખ (ઉ.વ.27) (ધંધો-રિક્ષા ડ્રાઇવર) (રહે., બી-36, રૂમ નં-3, EWS આવાસ, ભેસ્તાન-ડિંડોલી, સુરત), કૃષ્ણકુમાર ઉર્ફે બિટ્ટુ કમલેશ કુમાર તિવારી (ઉ.વ.42) (ધંધો-આસિસ્ટન્ટ મેનેજર, કોટક મહિન્દ્રા બેંક, ઘોડદોડ રોડ, સુરત), યાસીન ઇકબાલ સતાર વ્હોરા (ઉ.વ.26) (ધંધો-વેપાર રહે., 301-આકીબ એઝાઝ એપાર્ટમેન્ટ, ફૂલવાડી, ભરીમાતા રોડ નજીક, સુરત), સોહેલ મેહમુદ મલેક (ઉ.વ.37) (ધંધો-સીઝર) (રહે., દાદાભાઇનગર, કઠોર, તા. કામરેજ, જિ.સુરત)

**DATE: 29/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### રાત્રે ચોરી કરવા માટે નીકળતો ત્યારે કહેતો : સવારે ઘરે પાછો ન આવું તો આસપાસના પોલીસ સ્ટેશનમાં તપાસ કરી લેજે

# 27 વર્ષમાં 15થી વધુ ચોરી કરનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની સી ડિવિઝન પોલીસે નેશનલ હાઈવે પર આવેલી નર્મદા ચોકડી પાસેથી પોલીસે રીઢા તસ્કરને ઝડપી પાડયો છે.

સી ડિવિઝન પીઆઈ એચ.બી.ગોહિલની સૂચનાથી પોલીસ સ્ટાફે નર્મદા ચોકડી વિસ્તારમાં વોચ ગોઠવી હતી દરમિયાન એક મહિન્દ્રા બોલેરો જીપમાં સવાર એક વ્યકતિની અટકાયત કરી હતી. ગુજકોપના પોકેટ કોપમાં સર્ચ કરતા બોલેરો પીકઅપ ગાડી અમદાવાદ શહેરના દાણીલીમડામાંથી ચોરી કરાઈ હોવાનુ ખુલ્યું હતું. વડોદરાના કીશાન નગર ખાતે રહેતો મૂળ દાણીલીમડાનો સીકંદર ઉર્ફે ફરીદહુશેન ઈબ્રાહીમ સૈયદની પુછપરછમાં તેણે છેલ્લા 27 વર્ષથી રાજ્યના અલગ અલગ જીલ્લાઓમાં 15થી વધારે ચોરી કર્યાની કબૂલાત કરી હતી. આરોપીએ ચોરીના ગુનામાં 2 વર્ષની સજા વડોદરા મધ્યસ્થ જેલ ખાતે ભોગવી છે. 27 વર્ષથી ચોરીનું જ એકમાત્ર કામ કરતો સિકંદર ઉર્ફે ફરીદ પ્રથમમહિન્દ્રા બોલેરો પીકઅપ ગાડીની ચોરી કરતો અને તે લઈ રાજ્યના અલગ જીલ્લામાં જતો હતો. ફક્ત હાઈવે ઉપર આવતી ફેબ્રિકેશનની દુકાનો તેમજ હાઈવે ઉપર પાર્ક કરેલા વાહનોની બેટરીઓની ચોરી કરતો હતો.

રાતે વડોદરાથી નીકળતા પેહલા પત્નીને કહી ને જતો, હું સવારે ના આવું તો સુરત સુધીના કોઈપણ પોલીસ સ્ટેશનમાં હોઈશ. પીકઅપ વાન ચોરી તેમાં વડોદરાથી સુરત સુધી ફેરો મારી હાઈવેની બન્ને બાજુથી જે કઈ મળે તે ચોરી વાહનમાં નાખી દેતો. જોકે આ ચોર સવારે 6 વાગ્યા પેહલા કરજણ ટોલ પાર કરી લેતો હતો. ભરૂચ પોલીસે આરોપી પાસેથી બોલેરો સહિત કુલ 3.96 લાખનો મુદ્દામાલ કબજે લીધો છે.આરોપીની વધુ પૂછપરછ ચાલી રહી છે.



વડોદરાનો રીઢો તસ્કર ભરૂચની નર્મદા ચોકડીએથી ઝડપાયો છે.

### અંકલેશ્વરમાં તેના નિવાસે હોવાની બાતમી હતી

# કરજણ પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસ ની ટીમ અંકલેશ્વર વિસ્તાર માં વોન્ટેડ આરોપી ને શોધી કાઢવાની ડ્રાઈવ અંતર્ગત પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. કે અંકલેશ્વરનો કુખ્યાત બુટલેગર કરજણ પોલીસ મથકે વોન્ટેડ છે અને તે હાલ નવજીવન હોટલ પાસે આવેલ પ્રતિષ્ઠા રેસિડેન્સી ખાતે તેના ઘરે આવ્યો છે.જે ચોક્કસ માહિતી આધારે એલસીબી પોલીસ ટીમ એ સર્ચ ઓપરેશન હાથ ધરી અંકલેશ્વર માં અનેક પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલ અને કરજણ પોલીસ મથકે વોન્ટેડ બુટલેગર ઈદ્રીશ ઉર્ફે મામુ શેખને ઝડપી પાડ્યો હતો અને અંકલેશ્વર તાલુકા પોલીસના હવાલે કરી કરજણ પોલીસ મથકે જાણ કરી હતી. અંકલેશ્વરના બુટલેગર સામે પ્રોહિબિશનના અનેક ગુનાઓ નોંધાયેલાં છે. ભરૂચ એલસીબીની ટીમે ઝડપાયેલાં આરોપીને વડોદરા જિલ્લાની કરજણ પોલીસના હવાલે કર્યો છે.

**DATE: 29/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં વોન્ટેડ બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં અલગ અલગ ગુનામાં વોન્ટેડ અને ભાગતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા એસપી ડો.લીના પાટીલ દરેક પોલીસ સ્ટેશનમાં સૂચના આપી છે. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં માટીએડ ગામના વોન્ટેડ આરોપી ચિંતન વસાવાને પોલીસે ઝડપી પાડયો છે. પોલીસે આરોપી અત્યાર સુધી ક્યાં છુપાયો હતો સહિતની વિગતો મેળવવાની ક્વાયત હાથ ધરી છે.પોલીસની કાર્યવાહીના પગલે બુટલેગરોમાં ફફડાટ જોવા મળી રહયો છે.

**DATE: 30/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અંકલેશ્વરમાં હવા મહેલ નજીક બનેલી ઘટનાનો ભેદ આખરે ઉકેલાયો

# મહારાષ્ટ્રના યુવાનને તેના મિત્રો સાથે ઝગડો થતાં હત્યા કરાઈ : એક ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં મંજૂરી કામ કરવા આવેલા મહારાષ્ટ્રના યુવાનની હત્યા તેના જ મિત્રોએ કરી હોવાનું સામે આવ્યું છે. ડેરી પર સુવાની સામાન્ય બાબતે ઝગડો થતાં બે મિત્રોએ પથ્થર મારી તેમના જ મિત્રની હત્યા કરી ફરાર થઇ ગયાં હતાં. પોલીસે વાલિયા ચોકડીની ઝૂંપડપટ્ટીમાંથી એક આરોપીને ઝડપી પાડયો છે જ્યારે બીજાની શોધખોળ ચાલી રહી છે.

24 માર્ચના રોજ અંકલેશ્વર હવા મહેલ ને જોડતા માર્ગ પર સવારના સમયે રસ્તાની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યમાં એક યુવકનો ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળ્યો હતો. તેની ઓળખ મહારાષ્ટ્રના નવાનગર મુંડા ગામના જંયતી તડવી તરીકે થઇ હતી. મૃતદેહ નજીકથી એક લોહીથી ખરડાયેલો પથ્થર મળી આવ્યો હતો. ભરૂચ એસપી લીના પાટિલના માર્ગદર્શન હેઠળ એલસીબી તથા અંકલેશ્વર બી ડિવિઝનની ટીમે તપાસ શરૂ કરી હતી. ટેક્નિકલ સર્વેલન્સ , હ્યુમન ઈન્ટેલિજન્સ અને સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યાં હતાં. સીસીટીવી ફૂટેજમાં મૃતક છેલ્લે બે વ્યકતિઓ સાથે જોવા મળ્યો હતો. પોલીસની તપાસમાં તેમની ઓળખ ભરત ગોઝારીયા અને રાજુ લંગડા તરીકે થઇ હતી. મૃતકના તેઓ મિત્રો હતાં રાત્રે હવામહેલ પાસે આવેલી ડેરી પર ભેગા થતાં હતાં અને ત્યાં જ સૂઇ રહેતાં હતાં. પોલીસે વાલિયા ચોકડીની ઝૂંપડપટ્ટીમાંથી ભરત ગોઝારીયાને ઝડપી પાડયો હતો. તે મૂળ અમરેલીના સાસબંદરનો રહેવાસી છે. તેણે પોલીસને જણાવ્યું હતું કે, 23 માર્ચ ની રાત્રી ના જ્યંતી તડવી સાથે તેઓનો ઝગડો થયો હતો. જેથી તેમણે ભેગા મળી જ્યંતિને પથ્થરો મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસે અન્ય આરોપી રાજુ લંગડાને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે. ત્રણેય મિત્રો હવા મહેલ પાસે આવેલી ડેરી પાસે અડિંગો જમાવતાં હોવાની બાતમી મળતાં પોલીસે વોચ ગોઠવી હતી જેમાં હત્યાના ગુનામાં ભરત ગોઝારીયા અને રાજુ લંગડાની સંડોવણી હોવાની ટીપ મળી હતી જેના આધારે એક આરોપીને ઝડપી લેવામાં સફળતા મળી છે.

**DATE: 30/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# કુકરવાડા પાસેથી 38 હજારનો દારૂ જપ્ત

ભરૂચ | ભરૂચના કુકરવાડા ગામે રહેતો ભાવેશ માછી પટેલ તેની મારૂતિવાનમાં દારૂની બોટલો રાખી નર્મદા નદી પર નવા બની રહેલાં એલએન્ડટી બ્રીજની બાજુમાં વાન ઉભી રાખી દારૂનું વેચાણ કરે છે. તાલુકા પોલીસની ટીમે રાત્રીના સમયે સ્થળ પર રેડ પાડી હતી. વાહનની લાઇટથી જોતાં તેમને ભાવેશ ત્યાં જણાયો હતો. તેને રોકવા બુમો પાડવા છતાં તે અંધારાનો તેમજ ઝાડીઓનો લાભ લઇ ફરાર થઇ ગયો હતો. ટીમે તેની વાનમાં તપાસ કરતાં વિદેશીદારૂની 180 મીલીની કુલ 384 બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ તેમજ વાન મળી કુલ 1.38 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### એશિયન પેઇન્ટ કંપનીએ નવા પ્લાન્ટ માટે વસ્તુઓ મંગાવી હતી

# અંકલેશ્વરમાં ₹ 17.56 લાખના સામાનની ચોરીમાં 3 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની એશિયન પેઈન્ટ કંપનીએ નવા પ્લાન્ટ માટે સ્ટોર કરેલ 17.56 લાખની ચોરીનો ભેદ ઉકેલાયો ગયો છે. જીઆઈડીસી પોલીસ ગણતરીના દિવસોમાં ચોરીના મુદ્દામાલ સાથે 3 આરોપીની ધરપકડ કરી હતી. ચોરીમાં અન્ય લોકોની પણ સંડોવણી હોવાથી તેમને ઝડપી પાડવા કવાયત ચાલી રહી છે.

અંકલેશ્વર જીઆઈડીસીની એશિયન પેઈન્ટ કંપની નવો પ્લાન્ટ નાખી રહી છે. જેના માટે મશીનરી તથા અન્ય સામાન મંગાવીને તેને ગ્લેનમાર્ક કંપની પાસે ભાડે લીધેલા પ્લોટમાં રાખ્યો છે. તારીખ 16 થી 18 માર્ચ દરમિયાન આ પ્લોટમાં તસ્કરો ત્રાટક્યાં હતાં અને 12 નંગ કેબલ ડ્રમ, લોડ માઉન્ટ 15 બોક્સ તેમજ અન્ય સરસામાન મળી 17.56 લાખ રૂપિયાની મત્તા પર હાથફેરો કરી ગયા હતાં. પોલીસે

હયુમન ઈન્ટેલિજન્સ તેમજ ટેકનિકલ સર્વેલન્સની મદદથી ગણતરી ના દિવસોમાં ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો. ચોરીનો ભંગાર વેચવાની ફિરાકમાં શાંતિનગર વિસ્તારમાં ફરી રહેલાં 3 તસ્કરોને દબોચી લેવાયાં છે. મોહિત ઉર્ફે બિહારી રાજેશ પાલ, દીપક ઉર્ફે દાદુ અનિલ પાટીલ અને સમીર કુમાર ઉર્ફે ગૌરવ મનુ ભાઈ યાદવની ધરપકડ કરી હતી. અને તેમની પાસે થી ચોરી નો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો. તેમજ ચોરીમાં અન્ય બે આરોપીના નામ સામે આવતા પોલીસે હાલ તેમની પણ અટક કરી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 30/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ, અંકલેશ્વર અને રાજપીપળામાં આયોજન

# ભગવાન રામની શોભાયાત્રા પહેલાં પોલીસની ફલેગમાર્ચ



રાજપીપળામાં પોલીસજવાનોએ ફલેગમાર્ચ કરી હતી.• પ્રવિણ પટવારી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ, અંકલેશ્વર અને રાજપીપળામાં રામનવમીમાં ભગવાન શ્રીરામની શોભાયાત્રા પહેલાં પોલીસ વિભાગે ફલેગ માર્ચ કરી હતી. સંવેદનશીલ વિસ્તારોમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવશે.

ભરૂચના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતાં પોલીસ કર્મચારીઓને બુધવારે સાંજે એ ડિવિઝન પોલીસ સ્ટેશન બોલાવી લેવામાં આવ્યાં હતાં. એ ડિવિઝન પોલીસ સ્ટેશનથી નીકળેલો કાફલો વિવિધ વિસ્તારોમાં ફર્યો હતો. ડીવાયએસપી પટેલ તથા અન્ય પોલીસ ઇન્સપેક્ટરો પણ ફલેગમાર્ચમાં સામેલ થયાં હતાં. અંકલેશ્વરની વાત કરવામાં આવે તો ડી.વાય.એસ. પી ચિરાગ દેસાઇની આગેવાનીમાં સંવેદનશીલ વિસ્તારોમાં માર્ચ કરાઇ હતી. સંવેદનશીલ ગણાતાં રાજપીપળામાં પણ પોલી અધિકારીઓ તથા જવાનોએ ફલેગમાર્ચ કરી હતી. રમઝાન માસ અને રામનવમી દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. આજે ગુરૂવારે રામનવમીના દિવસે ભરૂચ સહીતના શહેરોમાં વાજતે ગાજતે ભગવાન શ્રીરામની શોભાયાત્રા નીકળશે.

**DATE: 31/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરથી ગુમ થયેલા બાળકનું પરિવાર સાથે મિલન



અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુર-શાંતિનગર ખાતે રહેતા સાજન ઉર્ફે રાજેન્દ્ર મંડલ (ઉં.વ.૧૩) તા.૨૪ના રોજ ઘરે કોઈને કંઈ પણ કહ્યા વગર જતો રહ્યો હતો અથવા સંભવિત રીતે તેનું અપહરણ થયું હોવાની ફરિયાદ તા.૨૮ના રોજ અંકલેશ્વર પોલીસમથકે નોંધાઈ હતી. જે સબબ અંકલેશ્વર GIDC પો.સ્ટે. દ્વારા તપાસ સંભાળી ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ અલગ-અલગ ટીમો બનાવી જુદી-જુદી દિશામાં બાળકની તપાસ કરવા સઘન પ્રયત્નો હાથ ધરાયા હતા. તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી અલગ અલગ વોટ્સએપ ગ્રુપોમાં બાળકના ફોટા શેર કરી તેમજ ચાઈલ્ડ કેર હોમ તથા રિમાન્ડ હોમના સંપર્કમાં પણ રહ્યા હતા.

દરમિયાન બાળકની સાથેનો મોબાઈલ ચાલુ-બંધ થતો હોવાથી ટેક્નિક સર્વેલન્સના સતત સંપર્કમાં રહી તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે બાળક નમક ફેક્ટરી પાસે, ગડખોલ અંકલેશ્વર ખાતે હોવાની માહિતી મળતાં બાળકને ત્યાંથી અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશન લાવી બાળકને તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

**DATE: 31/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# ભરૂચ જિલ્લામાં ભગવાન શ્રીરામની ૨૬થી વધુ શોભાયાત્રા નીકળી

## **જિલ્લામાં** ૮૫૦થી વધુ પોલીસ જવાન બંદોબસ્તમાં જોતરાયા

ભરૂચ: વડોદરામાં શ્રી રામ ભગવાનની શોભાયાત્રા ઉપર પથ્થરમારાની ઘટના બાદ સંવેદનશીલ ભરૂચમાં રામ ભગવાનના જન્મોત્સવે કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે ભરૂચ જિલ્લા પોલીસ કડક બની હતી. એ માટે ૮૫૦થી વધુ પોલીસ ફોર્સ ખડકાઈ ગઈ હતી.

ભરૂચ, અંકલેશ્વર શહેર સહિત જિલ્લામાં તમામ ૯ તાલુકામથક અને ગામેગામ ગુરુવારે ભગવાન શ્રીરામનો જન્મોત્સવ દબદબાભેર ઉજવવામાં આવ્યો હતો. ભાજપ, વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ સહિત સમસ્ત હિન્દુ સમાજ દ્વારા મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના જન્મદિને ઠેર ઠેર શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. જો કે, રામ નવમીના પાવન અવસરે વડોદરામાં નીકળેલી શોભાયાત્રા પર પથ્થરમારાની ઘટના સામે આવ્યા બાદ ભરૂચ જિલ્લા પોલીસ વધુ સતર્ક થઈ ગઈ હતી. જિલ્લા પોલીસ વડા ડો.લીના પાટીલની આગેવાનીમાં ૫ DYSPના સુપરવિઝન ૨૫ PI, તમામ PSI અને ૮૦૦ પોલીસ ફોર્સ શહેર અને જિલ્લામાં સાંજે નીકળનારી ૨૬થી વધુ શોભાયાત્રાના બંદોબસ્તમાં ખડેપગે તૈનાત થઈ ગઈ હતી.

**DATE: 31/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### નેત્રંગના ઝરણાવાડી ગામે પોલીસનો દરોડો

# જાહેરમાં જુગાર રમતો એક ઝડપાયો : 5 ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં પોલીસ કોન્સ્ટેબલ પરમાનંદ ઘનશ્યામભાઇ તેમજ તેમની ટીમના અન્ય કર્મીઓ ચાસવડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, ઝરણાવાડી ગામે નિશાળ ફળિયામાં રહેતો રાજેશ બાબુ વસાવા તેના ઘરની આગળના ભાગે ખુલ્લામાં કેટલાંક લોકોને બોલાવી જાહેરમાં જુગાર રમાડે છે. જેના પગલે ટીમે તેના ત્યાં દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. પોલીસે તે પૈકીના નિલેશ ઉર્ફે મારાજ ચીમન વસાવાને ઝડપી પાડ્યો હતો. જ્યારે પોલીસને ચકમો આપી રાજેશ બાબુ વસાવા, વિકાસ રાજેશ વસાવા, અક્ષય ભરત વસાવા, અરૂણ ચંદુ વસાવા તેમજ પ્રશાંત રાકેશ વસાવા ત્યાંથી નાસી છુટ્યાં હતાં. ટીમે ઝડપાયેલાં જુગારીની અંગઝડતીમાંથી તેમજ દાવપરના મળી કુલ 1700 રૂપિયા રોકડા તથા એક બાઇક સહિત અન્ય સામાન મળી કુલ 17 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 02/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASAKR PAGE–01**

### ભરૂચની નર્મદા પ્લાસ્ટિકમાં આગનો ભેદ ઉકેલાયો : કંપનીને 11 કરોડથી વધુનું નુકસાન થયું

# આગની ઘટનામાં ચોકીદાર જ આરોપી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની ભોલાવ જીઆઈડીસીમાં આવેલી નર્મદા પ્લાસ્ટિક અને આશાપુરી ટ્રેડિંગ નામની કંપનીમાં ગત 22મીએ સવારે આગ ભભુકી ઉઠી હતી. જેમાં આખી કંપની ભસ્મીભુત થઇ ગઇ હતી. ઘટનામાં ભરૂચ સી ડિવિઝન પોલીસમાં જાણવાજોગ ફરિયાદ નોંધાતાં પોલીસ દ્વારા મામલાની તપાસ હાથ ધરાતાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. કંપનીના સિક્યુરિટી ગાર્ડે જ માચીસથી પ્લાસ્ટિકની બેગમાં આગ લગાડતાં દુર્ઘટના સર્જાઇ હતી.

## આગ લગાડવાનું કારણ હજી અકબંધ

પોલીસે કંપનીમાં જ સિક્યુરિટી ગાર્ડ તરીકે નવા જ લાગેલાં મહેશ બકરેને ઝડપી પાડ્યો છે. ત્યારે તેણે હજી આગ લગાડવાના કારણનો કોઇ ફોડ પાડ્યો નથી. તેની પુછપરછ ચાલી રહી છે. સાચુ કારણ બહાર આવ્યેથી આગળની કાર્યવાહી થશે. - હસમુખ ગોહિલ, પીઆઇ, સી ડિવિઝન.

ભોલાવ જીઆઈડીસી ખાતે આવેલી આશાપુરા ટ્રેડિંગ તેમજ નર્મદા પેકેજિંગ નામની બે કંપનીઓ આજુબાજુમાં આવેલી છે. જે બન્ને કંપની ઝાડેશ્વર રોડ પરની લક્ષ્મી નારાયણ બિલ્ડીંગ ખાતે રહેતાં મહેશ શંકર ભાનુશાલીની માતાના મૃત્યુ બાદ હરિદ્વારમાં ભાગવત સપ્તાહ રાખી હોઇ તેઓ 20 માર્ચથી 10 દિવસ માટે હરીદ્વાર ગયાં હતાં. તેમની કંપનીમાં માત્ર રાત્રી માટે સિક્યુરિટી ગાર્ડ રહેતો હતો. જોકે, તેઓ 10 દિવસ માટે બહાર ગામ જવાના હોઇ તેમણે તેમની સિક્યુરિટી એજન્સીના કોન્ટ્રાક્ટર રામઆતરે પડિને કહીં 10 દિવસ માટે સવારનો સિક્યુરિટી ગાર્ડ પણ રખાવ્યો હતો. જેમાં એજન્સીએ મનોજ નટવર બકરે (રહે. હરીનગર સોસયટી, નંદેલાવ) ને કંપનીમાં સવારના સિક્યુરિટી ગાર્ડ માટે રાખ્યો હતો. તેને 20મીએ નોકરીએ ચઢવાનું હતું જોકે તે તેના બીજા દિવસે 21મીએ નોકરીએ ગયો હતો. જે બાદ 22મીએ સવારે તેણે કંપનીના માલિક મહેશ ભાનુશાલીને કંપનીમાં આગ લાગી હોવાની ફોન કરી જાણ કરી હતી.

**DATE: 02/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASAKR PAGE–01**

## મુશ્કેલીમાં સ્વબચાવ કરી શકે તે માટેનું પગલું

# ભરૂચમાં પોલીસ યુવતીઓને રાઈફલની તાલીમ આપશે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં મુશ્કેલીના સમયમાં યુવતીઓ સ્વબચાવ કરી શકે તે માટે પોલીસ વિભાગે એક નવતર અભિગમ અપનાવ્યો છે.

ભરૂચ એસપી ડૉ. લીના પાટીલના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહિલા સશક્તિકરણના ભાગરૂપે રાયફલ ફાયરીંગની તાલીમ આપવાનું નક્કી કરાયું છે. જેમાં 15 થી 25 વર્ષની વય ધરાવતી યુવતીઓ ભાગ લઈ શકશે. તાલીમમાં ભાગ લેવા માટે 11મી એપ્રિલ સુધીમાં એસપી કચેરીની વહીવટીશાખામાં નામ નોંધાવી દેવાના રહેશે. એસપી ડૉ. લીના પાટીલે જણાવ્યું હતું કે, આફતના સમયે યુવતીઓ સ્વબચાવ કરી શકે તે માટે આ નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે ત્યારે યુવતીઓએ તેનો લાભ લેવો જોઈએ.

**DATE: 02/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASAKR PAGE–04**

## પીરામણ ગામના રોડ પર પોલીસે વોચ ગોઠવી

# અંકલેશ્વર શહેરમાં ચોરીના મોબાઈલ સાથે 2 યુવાન ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પિરામણ રોડ પરથી ચોરીના મોબાઈલ સાથે 2 ઈસમની પોલીસે અટકાયત કરી હતી. પોલીસ ની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે પીરામણ ગામ તરફ ના રોડ પર એક ઈસમ ચોરી ના મોબાઈલ લઈ ફરી રહ્યો છે. જે આધારે પોલીસે એક ઈસમ ન શંકાસ્પદ હિલચાલ કરતા ઝડપી પાડ્યો હતો અને તેની અંગ ઝડતી લેતા તેની પાસે થી એક વિવો અને એક ઓપો કંપનીનો મોબાઈલ મળી આવ્યો હતો

જે મોબાઈલ અંગે જરૂરી બિલ માંગતા ઈસમ એ ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. પોલીસે વ્યારાના જયેશ વિજય કસ્બે ની સી.આર.પી.સી 102 મુજબ અટક કરી પૂછપરછ આરંભી હતી. આજ માર્ગ પરથી અલાઉદ્દીન ઈદ્રીશી ને શંકાસ્પદ હિલચાલના આધારે રોકી તેની તલાસી લેતાં તેની પાસે સેમસંગ કંપનીનો મોબાઈલ મળી આવ્યો હતો જે શંકાસ્પદ લાગતાં તેની અટકાયત કરવામાં આવી છે.